તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું મેગેઝિન

# મે 2026

## Part 1

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ


ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ


CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

CCE | TAT | TET | HTAT

7600051070

# Most Imp Current Affairs - 1 TO 15 May 2026

## 1 મે

- **1 મે - ગુજરાત ગૌરવ દિન (ગુજરાત સ્થાપના દિવસ).** વર્ષ 1960માં મહાગુજરાત આંદોલનના પગલે **ઈન્દુલાલ યાજ્ઞિકની** આગેવાનીમાં બૃહદ મુંબઈ રાજ્યમાંથી ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે નવાં રાજ્યોની સ્થાપના કરવામાં આવી હતી. ગુજરાત રાજ્યનું ઉદઘાટન **સાબરમતી આશ્રમ** અમદાવાદ ખાતે પૂજ્ય **રવિશંકર વ્યાસના** હસ્તે કરવામાં આવ્યું હતું. વર્ષ **2026માં** ગુજરાત રાજ્યનો **66મો** સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો. આ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી **સુરત** ખાતે કરવામાં આવી.

- 1 મે - વિશ્વ મજૂર દિવસ (આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ). 1889માં પેરિસ ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં આ દિવસને જાહેર કરવામાં આવ્યો હતો.

- વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની આર્ટ્સ ફેક્ટરીના સોશ્યોલોજી વિભાગમાં **મોદી તત્ત્વ અને આરએસએસની વિચારધારા** વિદ્યાર્થીઓને ભણાવવાનો નિર્ણય કરવામાં આવ્યો.

- ગુજરાત સરકારે યુવાનો માટે રોજગારીના અવસર ખોલવા **નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશનના** અમલીકરણ માટેના પ્રયાસો શરૂ કર્યા. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ઉદ્યોગોની જરૂરિયાત પ્રમાણેનું માનવ સંસાધન ઉદ્યોગો પાસે જ તૈયાર કરાવવાનો છે. આ માટે સરકાર પોતાના ખર્ચે 25 લાખ યુવાનોને ફેક્ટરીમાં ટ્રેનિંગ આપશે. સરકાર ગ્રીન હાઈડ્રોજન, રીન્યુએબલ એનર્જી, આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સ, ઇલેક્ટ્રિક વેહિકલ, એરોસ્પેસ ટેકનોલોજી, ડ્રોન ટેકનોલોજી અને બાયો ટેકનોલોજી ક્ષેત્રની તાલીમ આપશે.

- મુંબઈ ઇન્ડિયન્સનો ઓલરાઉન્ડર **શાર્દુલ ઠાકુર** આઈપીએલનો પહેલો ઇમ્પેક્ટ ખેલાડી બન્યો જેને ફિલ્ડિંગ કરવા છતાં બેટિંગ કે બોલિંગ કરવા ન મળી. સનરાઇઝર્સ હૈદરાબાદ સામેની મેચમાં સાતમી ઓવર પછી રોબિન મિંગ્સના સ્થાને તેને લાવવામાં આવ્યો હતો, પરંતુ તે કોઈ મેચ રમ્યો ન હતો.

- વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઇન્ડેક્સ 2026માં ભારત 180 દેશોમાં **157મા** ક્રમે છે. આ રેન્કિંગ રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ (RSF) દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું. 2025માં ભારત 151મા ક્રમે હતું, આ વખતે છ સ્થાન નીચે છે. વૈશ્વિક પ્રેસ પરિસ્થિતિ 25 વર્ષમાં સૌથી ખરાબ સ્તરે પહોંચી ગઈ છે અને પહેલી વાર, અડધાથી વધુ દેશો 'મુશ્કેલ' અથવા 'ખૂબ જ ગંભીર' શ્રેણીમાં છે. નોર્વે, નેધરલેન્ડ્સ, એસ્ટોનિયા, ડેનમાર્ક અને સ્વીડન ઇન્ડેક્સમાં ટોચ પર છે. જ્યારે સાઉદી અરેબિયા, ઈરાન, ચીન, ઉત્તર કોરિયા અને એરિટ્રિયા નીચેના સ્થાને છે.

- ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ (FSSAI)એ પાન મસાલા, ગુટખા અને સમાન ઉત્પાદનો માટે પ્લાસ્ટિક પેકેજિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. સિંગલ-યુઝ પ્લાસ્ટિક પાઉચને બદલે કાગળ પેપરબોર્ડ, સેલ્યુલોઝ અને અન્ય કુદરતી સામગ્રીનો ઉપયોગ કરવાનું સૂચન કરવામાં આવ્યું.

- ઓક્સફોર્ડ યુનિવર્સિટી અને સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (SII)એ મેલેરિયા રસી **R78C** ના વિકાસ અને ઉત્પાદન માટે લાયસન્સ કરાર પર હસ્તાક્ષર કર્યા. આ રસી ખાસ કરીને આફ્રિકાના દેશોમાં બાળકોમાં મેલેરિયાથી થતા મૃત્યુદરને ઘટાડવામાં મદદરૂપ થશે.

- **ભારત અને શ્રીલંકા** વચ્ચે સૈન્ય અભ્યાસ **IN SLN DIVEX 2026** આયોજિત થયો.

- તમિલનાડની **રીતિકા શ્રીએ** ભારતના પ્રથમ ટ્રાન્સજેન્ડર ક્રિકેટ અમ્પાયર બનીને એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી.

## 2 મે

- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશનએ (આઇઆઇપીએ) જાહેર કરેલા ડિવોલ્યુશન રિપોર્ટ મુજબ, **ગુજરાત રાજ્ય ચૂંટણી પંચનો સ્કોર 100માંથી 46.2 છે.** ઉત્તર પ્રદેશનું રાજ્ય ચૂંટણી પંચ 7.7ના સ્કોર સાથે દેશમાં છેલ્લા ક્રમે છે. આ યાદીમાં હરિયાણા, કેરળ અને મહારાષ્ટ્ર 100ના સ્કોર સાથે ટોચના સ્થાને છે.

- નૌકાદળ અને DRDOએ ઓડિશા કિનારે સ્વદેશી **NASM-SR** (નૌકાદળ વિરોધી જહાજ મિસાઇલ)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. આ 55 કિમી રેન્જ મિસાઈલને પ્રથમ વખત હેલિકોપ્ટરથી સાલ્વો લોન્ચમાં છોડવામાં આવી હતી અને તે જહાજોને સચોટ રીતે પ્રહાર કરવા માટે 'ફાયર એન્ડ ફોરગેટ' ટેકનીકનો ઉપયોગ કરે છે.

- ભારતીય સંરક્ષણવાદીઓ **બરખા સુબ્બા અને પરવીન શેખને** વ્હીટલી એવોર્ડ મળ્યો. બરખાને હિમાલયના સલામંડર અને પરવીનને ચંબલ પક્ષી 'ઇન્ડિયન સ્કિમર'ના સંરક્ષણ માટે સન્માન મળ્યું. લંડનમાં આપવામાં આવતો આ એવોર્ડ વિશ્વભરમાં **'ગ્રીન ઓસ્કાર'** તરીકે પણ ઓળખાય છે.

- ચૂંટણી પંચે **કે. કવિતાના** નવા રાજકીય પક્ષ માટે **'તેલંગાણા રક્ષા સેના'** નામને મંજૂરી આપી. પક્ષ સ્થાનિક મુદ્દાઓ અને પછાત વર્ગો માટે 50% અનામતની માંગ પર ધ્યાન કેન્દ્રિત કરશે. પક્ષે તેના નામમાં જૂના 'TRS' અક્ષરો જાળવી રાખ્યા છે.

- **કર્ણાટક સરકારે** ગિગ કામદારો માટે દેશની પ્રથમ ડિજિટલ ફરિયાદ નિવારણ પ્રણાલી શરૂ કરી. આ કામદારોને વેતન, કાર્યકારી પરિસ્થિતિઓ અને અન્ય મુદ્દાઓ અંગેના વિવાદો ઉકેલવા માટે એક ઔપચારિક પ્લેટફોર્મ પૂરું પાડશે.

- ચીનના સાન્યા (Sanya) ખાતે યોજાયેલ એશિયન બીચ ગેમ્સ 2026માં **ભારતીય મહિલા બીચ કબડ્ડી ટીમે** સુવર્ણ પદક જીત્યો.

- કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ ગુજરાતમાં NH-48ના સુરત-ભરૂચ વિભાગ પર **ચોર્યાસી** ટોલ પ્લાઝા ખાતે ભારતની પ્રથમ મલ્ટી-લેન ફ્રી ફ્લો (MLFF) બેરિયર-લેસ ટોલિંગ સિસ્ટમ લોન્ચ કરવાની જાહેરાત કરી. આ અત્યાધુનિક સિસ્ટમ ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન (ANPR) અને FASTag જેવી અધતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને, વાહનોને ઉભા રાખ્યા વગર સીમલેસ ટોલ કલેક્શન સક્ષમ બનાવે છે.

## 3 મે

- આંદામાન નિકોબાર સ્થિત સ્વરાજ ટાપુના રાધાનગર બીચ પર સમુદ્રની અંદર દુનિયાનો સૌથી મોટો રાષ્ટ્રીય ધ્વજ લહેરાવીને 'ગિનીસ વર્લ્ડ રેકોર્ડ' બનાવ્યો. પાણીની અંદર લહેરાવવામાં આવેલો આ વિશાળ તિરંગો 60x40 મીટરનો હતો. નૌકાદળ, કોસ્ટ ગાર્ડ, પોલીસ, વન વિભાગ અને પ્રોફેશનલ સ્કુબા ડાઇવર્સની ટીમોએ કાર્યક્રમ હેઠળ આ રેકોર્ડ બનાવ્યો હતો.

- જાણીતા ગીતકાર અને લેખક **પ્રસૂન જોશીની** પ્રસાર ભારતી બોર્ડના ચેરમેન તરીકે નિમણૂક કરાઇ.

- **અનુગ્રહ નારાયણ દાસે** સંરક્ષણ મંત્રાલય હેઠળ કંટ્રોલર જનરલ ઓફ ડિફેન્સ એકાઉન્ટ્સ (CGDA)નું પદ સંભાળ્યું.

- ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) જસ્ટિસ સૂર્યકાન્તે સિક્કિમના ગંગટોકમાં દેશનું પ્રથમ **'પેપરલેસ રાજ્ય ન્યાયતંત્ર'** જાહેર કર્યું. સિક્કિમની અદાલતોમાં કાનૂની કાર્યવાહી હવે ઇલેક્ટ્રોનિક રીતે હાથ ધરવામાં આવશે, જેનાથી કાગળકામ દૂર થશે.

- સરકારે RBIના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર **રોહિત જૈનને** રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI)ના નવા ડેપ્યુટી ગવર્નર તરીકે નિયુક્ત કર્યા.

- ઝારખંડના રાંચીનો સાત વર્ષનો તરવૈયો **ઇશાંક સિંહ**, ભારત અને શ્રીલંકા વચ્ચેના પાલ્ક સ્ટ્રેટને તરીને પાર કરી ગયો અને આમ કરનારો વિશ્વનો સૌથી યુવાન તરવૈયો બન્યો. તેણે 9 કલાક અને 50 મિનિટમાં 29 કિમીનું અંતર કાપ્યું.

- લોકસભા સચિવાલયે કોંગ્રેસના નેતા **કે. સી. વેણુગોપલને** જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા.

- 3 મે - વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ. થીમ: 'શાંતિના ભવિષ્યને આકાર આપવો: માનવ અધિકારો, વિકાસ અને સુરક્ષા માટે પ્રેસ સ્વતંત્રતાને પ્રોત્સાહન આપવું.'

- 3 મે - આંતરરાષ્ટ્રીય દીપડા દિવસ. IUCN મુજબ દીપડા અસુરક્ષિત (Vulnerable) શ્રેણીમાં છે, ભારતમાં કુલ 13,874 દિપડા છે, જેમાં મધ્યપ્રદેશ સૌથી મોખરે છે.

- મે મહિનાનો પહેલો રવિવાર - વિશ્વ હાસ્ય દિવસ..

## 4 મે

- 4 મે - આંતરરાષ્ટ્રીય ફાઇટર્સ ફાયર ડે. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા 4થી 10 મે 'ફાયર સેફટી વીક'ની ઉજવણી કરાઇ. થીમ **'Safe School, Safe Hospital and Fire Safety Aware Society – Together for Fire Prevention'**.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ **જોરામ અનિયા (Joram Aniya) અને આર. બાલસુબ્રમણિયમ (R. Balasubramaniam)ને** NITI Aayogના પૂર્ણકાલીન સભ્યો તરીકે નિયુક્ત કર્યા.

- ડેનમાર્કના હોરસન્સ ખાતે આયોજિત થયેલ થોમસ કપ 2026માં **ભારતીય પુરુષ બેડમિન્ટન ટીમે** બ્રોન્ઝ મેડલ જીત્યો.

- ભારતે દુનિયાનું સૌથી સસ્તું **'સ્માર્ટ ઇનહેલર'** વિકસિત કર્યું, જે દર્દીનો ડેટા ડોક્ટરને મોકલે છે. સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન આયુર્વેદિક સાયન્સીઝે અસ્થમાની દવાઓ તૈયાર કરી છે, જેને 'સપ્લીમેન્ટરી ટ્રીટમેન્ટ' તરીકે માન્યતા મળી છે. ભારત અસ્થમાની દવાઓ જેવી કે કોર્ટિકો સ્ટેરોઇડ્સ અને બ્રોન્કો ડાયલેટર્સનો દુનિયાનો સૌથી મોટો નિકાસકાર દેશ છે.

## 5 મે

- 5 મે - આંતરરાષ્ટ્રીય મિડવાઇફ ડે. થીમ: One Million More Midwives.

- મે મહિનાનો પ્રથમ મંગળવાર - વિશ્વ અસ્થમા દિવસ. થીમ: 'અસ્થમા ધરાવતા દરેક વ્યક્તિ માટે બળતરા વિરોધી ઇન્હેલર્સની ઍક્સેસ – હજુ પણ એક તાત્કાલિક જરૂરિયાત'.

- QS વર્લ્ડ રેન્કીંગમાં ભારતની ત્રણ સંસ્થાઓ IIM બેંગલુરુ (52), IIM અમદાવાદ (58), IIM કોલકાતા (64)નો સમાવેશ.

- ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા દરિયાઈ સુરક્ષા મજબૂત કરવા માટે 5 અને 6 મેના રોજ **'સાગર કવચ' અભિયાન** હાથ ધરવામાં આવ્યું. આ દરમિયાન દેવભૂમિ દ્વારકાની દરિયાઈ સીમા પર સઘન-ચેકિંગ અને પેટ્રોલિંગ કરવામાં આવ્યું.

- બેંગલુરુ સ્થિત સ્પેસ સ્ટાર્ટઅપ **'ગેલેક્સઆઈ'એ** વિશ્વનો પ્રથમ ઓપ્ટોએસએઆર ઉપગ્રહ, 'મિશન દ્રષ્ટિ' લોન્ચ કર્યો. તેને સ્પેસએક્સના ફાલ્કન 9 રોકેટ દ્વારા કેલિફોર્નિયાથી અવકાશમાં મોકલવામાં આવ્યો. આ ઉપગ્રહ વાદળો અને અંધકારની હાજરી છતાં સ્પષ્ટ છબીઓ મેળવવામાં સક્ષમ છે.

- યુનેસ્કોએ સિક્કિમ સરકાર સાથે મળીને **લેપ્ચા સમુદાયના** પરંપરાગત વારસાને જાળવવા માટે એક પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પહેલ હેઠળ, પરંપરાગત શેરડીના પુલ જે સ્થાનિક રીતે **'રુ-સોમ'** તરીકે ઓળખાય છે તેનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે.

- પિક્સેલ અને સર્વમ એઆઇ દેશનો પ્રથમ ઓર્બિટલ ડેટા સેન્ટર ઉપગ્રહ, **'પાથફાઈન્ડર'** લોન્ચ કરવા માટે તૈયાર છે. આ ઉપગ્રહ 200 કિલોગ્રામ વર્ગનો હશે. તે અવકાશમાં સીધા ડેટા પર પ્રક્રિયા કરશે. અત્યાર સુધી, વિશ્લેષણ કરાવતાં પહેલાં સેટેલાઇટ ડેટા પ્રથમ પૃથ્વી પર પ્રસારિત થતો હતો.

## 6 મે

- અમેરિકાના પત્રકારત્વ ક્ષેત્રના સર્વોચ્ચ એવા પુલિત્ઝર પ્રાઈઝ (Pulitzer Prize) 2026ની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ભારતીય પત્રકારોએ ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. **આનંદ આર. કે.ને** રિપોર્ટિંગ એન્ડ સ્ટ્રીમીંગ કેટેગરીમાં વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. તેમને બ્લુમબર્ગમાં ભારતમાં થતા સાયબર ક્રાઇમનો પર્દાફાશ કરતો રિપોર્ટ તૈયાર કર્યો હતો. આ ઉપરાંત ઇન્ટરનૅશનલ સ્ટ્રીમિંગમાં **અનિરુદ્ધ ઘોસાલની** પસંદગી પણ આ એવોર્ડ માટે કરવામાં આવી છે.

- **સુરત** ખાતે આયોજિત 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ'માં પર્યાવરણની જાળવણી અને કાપડ ઉદ્યોગના સમન્વયને દર્શાવતું વિશેષ પ્રદર્શન 'સસ્ટેનેબિલિટી હિલ' આકર્ષણનું કેન્દ્ર બન્યું. આ પ્રદર્શન ટેક્સટાઇલ એન્ડ એપેરલ ડેવલપમેન્ટ એસોસિએશન (TAADA) દ્વારા તૈયાર કરવામાં આવ્યું. તેમાં 5F ચેઇનની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં  ફાર્મ ટુ ફાઇબર, ફાઇબર ટુ ફેબ્રિક, ફેબ્રિક ફેશન અને ફેશન ટુ ફોરેનનો સમાવેશ થાય છે.

- ASIની અન્ડરવોટર આર્કિયોલોજી વિંગ દ્વારા અરબ સાગર અને બેટ દ્વારકા વિસ્તારમાં આવેલું સંશોધન દ્વારકાના પ્રાચીન વૈભવ અને આંતરરાષ્ટ્રીય 1861 સંબંધો પર નવો પ્રકાશ પાડે છે. ખોદકામ દરમિયાન એક વિશાળ સંકુલ મળી આવ્યું છે, જેમાં અનેક ઓરડાઓ અને ખુલ્લા કોરિડોર જોવા મળ્યા છે. આ આખું માળખું એક મજબૂત પ્રાચીન કિલ્લા જેવી સુરક્ષા ધરાવે છે. આ ઉપરાંત અહીંથી મણકા બનાવવાની કલા અને તાબું અને લોખંડ ગાળવાની પ્રવૃતિના અવશેષો પણ મળી આવ્યા છે. અહીંથી રોમન સિક્કાની છાપ, રોમન ઇન્ટેગ્લિયો (કોતરેલા રત્નો), રોમન એમ્ફોરા (ખાસ પ્રકારના પાત્રો) અને ટોર્પિડો જાર મળી આવ્યા છે. જે જે-તે સમયના લોકોના રોમન સામ્રાજ્ય સાથેના વેપારના પુરાવાઓ આપે છે.

- ગુજરાત રાજ્ય સરકારે કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 2% નોકરી વધારો કર્યો. હવેથી કુલ મોંઘવારી ભથ્થું **60%** મળશે.

- પશ્ચિમ બંગાલ વિધાનસભા ચૂંટણીમાં ભાજપને કુલ 294માથી 206 સીટ મળતાં બહુમતીથી જીત મેળવી. રાજ્યમાં 15 વર્ષથી ચાલતા મમતા બેનર્જીની સરકારની હાર થઇ છે.  આ સિવાય તમિલનાડુમાં અભિનેતા વિજય થલપતીની પાર્ટી તમિલગા વેટરી કઝગમને 108 સીટ મળતા સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી. કેરળમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળની 100 થી વધુ બેઠકો જીતીને લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટની સરકારને પરાસ્ત કરી છે. આસામ રાજ્યમાં બીજેપીએ 82 સીટ જીતીને બહુમતી જાળવી રાખી છે. પુડુચેરીમાં મુખ્યમંત્રી એન. રંગસામીના નેતૃત્વ વાળી NDA સરકારે સતા જાળવી રાખી છે.

- ઝારખંડના **હજારીબાગ** ખાતે ભારતનું પ્રથમ પર્લ ફાર્મ (મોતી ઉછેર) કેન્દ્ર બનાવવામાં આવશે. અહીં આવેલા **તીલૈયા** જળાશયમાં મોતી ઉછેરની સાથે માછલી ઉછેર (કેજ કલ્ચર) કરવામાં આવશે.

- ભારતની સુપ્રીમ કોર્ટ દ્વારા સગીર વયની બળાત્કાર પીડિતાઓના કિસ્સામાં ગર્ભપાત માટેની સમય મર્યાદા દૂર કરવા પર વિચારણા કરવા કેન્દ્ર સરકારને જણાવ્યું છે. આ મુદ્દાને બંધારણની **કલમ 21** હેઠળ **પ્રજનન સ્વાયતત્તા** સાથે જોડ્યો છે. મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી (MTP)એક્ટ, 1971 ભારતમાં ગર્ભપાત માટેનો મુખ્ય કાયદો છે. 2021ના સુધારા મુજબ, બળાત્કાર પીડિતાઓ અને સગીરો જેવી ખાસ શ્રેણીની મહિલાઓ માટે ગર્ભપાતની ઉપલી મર્યાદા 24 અઠવાડિયાં કરવામાં આવી હતી.

## <u>7 મે</u>

- 7 મે - વર્લ્ડ એથ્લેટિક્સ ડે.

- કેન્દ્રીય કેબિનેટે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની સંખ્યામાં વધારો કરવાની મહત્વપૂર્ણ દરખાસ્તને મંજૂરી આપી છે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ રહેલા 92,000થી વધુ કેસોનો ઝડપી નિકાલ કરવાનો છે. ન્યાયાધીશોની સંખ્યા 33થી વધારીને 37 (Including CJI 38) કરવામાં આવી છે. આ ફેરફાર માટે 'સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) અધિનિયમ 1956માં સુધારો કરવામાં આવશે. જેના

માટે સંસદમાં 'ધ સુપ્રીમ કોર્ટ (નંબર ઓફ જજીસ) અમેન્ડમેન્ટ બિલ, 2026' રજૂ કરવાની દરખાસ્તને મંજૂરી આપી છે. નવા ન્યાયાધીશો અને તેના માટેના ઇન્ફ્રાસ્ટ્રાક્ચરનો ખર્ચ ભારતની સંચિત નિધિમાંથી આપવામાં આવશે.

- ભારતીય સેનાએ 7 મે, 2026 ના **રોજ 'ઓપેરશન સિંદૂર'ની** પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે એક સ્મૃતિ વિડિયો જાહેર કર્યો છે. આ કાર્યવાહી પહેલગામ ખાતે થયેલ આતંકી હુમલાની જવાબદેહી તરીકે કરવામાં આવી હતી.

- નીતિ આયોગ દ્વારા **'સેન્ટ્રલ પ્રભારી ઓફિસર (CPO) પોર્ટલ'** શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલનું કામ એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ્સ એન્ડ બ્લોક્સ પ્રોગ્રામ (ADP/ABP) હેઠળ ગવર્નન્સને મજબૂત બનાવવાનો અને છેવાડાના માનવી સુધી સેવાઓ પહોંચાડવાનો છે. નીતિ આયોગના CEO સુશ્રી **નિધિ છિબ્બર** દ્વારા આ ડિજિટલ પ્લેટફોર્મનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

- ગુજરાતની 18 વર્ષની જિમનાસ્ટ **દીયા ઠાકોરે** સિનિયર નેશનલ આર્ટિસ્ટિક ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતીને નવો ઇતિહાસ રચ્યો છે. તે આ સ્પર્ધામાં મેડલ મેળવનાર ગુજરાતની સૌપ્રથમ મહિલા જિમનાસ્ટ બની છે.

- મીડિયા જગતના દિગ્ગજ, સીએનએનના સંસ્થાપક **ટેડ ટર્નરનું** નિધન. ટેડ ટર્નરનો જન્મ 1938માં અમેરિકાના સિનસિનાટી (ઓહાયો)માં થયો હતો. તેમને આધુનિક ટીવી સમાચાર પ્રસારણની દુનિયામાં ક્રાંતિકારી પરિવર્તન માટે ઓળખવામાં આવે છે. ટેડ ટર્નરે વર્ષ 1980માં સીએનએન (કેબલ ન્યૂઝ નેટવર્ક)ની સ્થાપના કરી હતી. CNNની વિશ્વની પ્રથમ 24 કલાક પ્રસારિત થતી ન્યુઝ ચેનલ તરીકે શરૂઆત થઈ હતી.

- મંત્રીમંડળે ત્રણ મુખ્ય રેલવે મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી હતી. આ પ્રોજેક્ટ્સ હેઠળ, 901 કિલોમીટર નવી રેલ લાઇન નાખવામાં આવશે. આ કામ મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં થશે. આ પ્રોજેક્ટ્સનો હેતુ કોલસો, ખાદ્યાન્ન અને સિમેન્ટના પરિવહનને સરળ બનાવવાનો છે.

- સરકારે પ્રસાર ભારતીના ભૂતપૂર્વ સીઈઓ **શશી શેખર વેમ્પતીને** સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)ના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યાં.

- કેન્દ્રીય મંત્રીમંડળે 'રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ અધિનિયમ, 1971'માં સુધારો કર્યો છે. હવે, રાષ્ટ્રગીત 'વંદે માતરમ'નું અપમાન કરવું કે તેના ગાનમાં અવરોધ ઊભો કરવો એ સજાપાત્ર ગુનો રહેશે. પહેલાં ફક્ત રાષ્ટ્રગીત, રાષ્ટ્રધ્વજ અને બંધારણનું અપમાન કરવું જ સજાપાત્ર હતું.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

## 8 મે

- 8 મે - વિશ્વ થેલેસેમિયા દિવસ. થેલેસેમિયા એ એક વારસાગત (Genetic) રક્ત વિકાર છે. જેમાં શરીરમાં હિમોગ્લોબિન અને લાલ રક્તકણો (RBC) સેરરાશ કરતાં ઓછા પ્રમાણમાં બને છે. હિમોગ્લોબિન ઓછું હોવાને કારણે શરીરમાં ઓક્સિજનનું વહન યોગ્ય રીતે થતું નથી, જેના પરિણામે દર્દીને ભાર, નબળાઈ અને એનિમિયાનો સામનો કરવો પડે છે. વર્ષ 2026ની થીમ 'Hidden No More: Finding the Undiagnosed. Supporting the Unseen'.

- 8 મેના વિશ્વ રેડક્રોસ દિવસ મનાવવામાં આવે છે.

- ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર માઈગ્રેશન અનુસાર, ભારત-યુએઈ અને ભારત-યુએસ રૂટ વિશ્વના સૌથી મોટા સ્થળાંતર કોરિડોરમાંનો એક છે. ભારત-યુએઈ કોરિડોર **પાંચમા** ક્રમે છે, જેમાં 30 લાખથી વધુ ભારતીયો રહે છે. ભારત-યુએસએ રૂટ વિશ્વનો **છઠ્ઠો** સૌથી મોટો સ્થળાંતર કોરિડોર બની ગયો છે.

- ગુજરાતના **વાડીનાર** ખાતે જહાજ સમારકામ સુવિધા વિકસાવવા માટેની મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ પંડિત દીનદયાલ પોર્ટ ઓથોરિટી અને કોચીન શિપયાર્ડના સંયુક્ત ઉપક્રમે સંચાલિત થશે.

- હૈદરાબાદ સ્થિત **સ્કાયરુટ એરોસ્પેસ (Skyroot Aerospace)** એ 1.1 બિલિયન ડોલરના મૂલ્યાંકન સાથે ભારતનું પ્રથમ સ્પેસ-ટેક યુનિકોર્ન બનીને ઈતિહાસ રચ્યો છે. કેપનીએ તાજેતરમાં 60 મિલિયન ડોલરનું ભંડોળ એકત્ર કર્યું છે.

- કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી શ્રી એન. ચંદ્રબાબુ નાયડુ એ વિશાખાપટ્ટનમમાં 'Google Cloud India AI Hub'નું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રોજેક્ટ સાથે વિશાખાપટ્ટનમ AI City તરીકે ઉભરી આવશે.

- ભારત સરકારે નવા **દક્ષિણ કોસ્ટ રેલવે ઝોનની** રચનાની મંજૂરી આપી છે. આ નવા ઝોનનું વડું મથક આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે રહેશે.

- **દિલ્હી** 22મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપની યજમાની કરશે. આ મેચ દિલ્હીના **ત્યાગરાજ સ્ટેડિય**મ ખાતે આયોજિત થશે.

## 9 મે

- દિલ્હીની જીડી ગોએન્કા પબ્લિક સ્કૂલનાં વિજ્ઞાન શિક્ષિકા **સોમા મંડલે** 'કેમ્બ્રિજ ડેડિકેટેડ ટીચર એવોર્ડ્સ 2026'માં દક્ષિણ એશિયા પ્રાદેશિક વિજતાનું ટાઇટલ જીતીને ભારતનું ગૌરવ વધાર્યું. સોમા મંડલને તેમની શાળામાં 'ક્લાઈમેટ-ફોકસડ કરિક્યુલમ' વિકસાવવા અને વિદ્યાર્થીઓને પર્યાવરણીય મુદ્દાઓ સાથે જોડવા બદલ આ સન્માન મળ્યું છે.

- બલ્ગેરિયાની સંસદે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ **રુમેન રાદેવને** દેશના નવા વડા પ્રધાન તરીકે નિયુક્ત કર્યા. 62 વર્ષીય રાદેવની નવી રચાયેલી પાર્ટી, "પ્રોગ્રેસિવ બલ્ગેરિયા" એ સંસદીય ચૂંટણીમાં બહુમતી મેળવી, 135થી

વધુ બેઠકો જીતી. 1997 પછી કોઈપણ પક્ષ માટે આ સૌથી મોટી જીત છે. રાદેવ અગાઉ ફાઇટર પાઇલટ અને એરફોર્સ કમાન્ડર તરીકે સેવા આપી ચૂક્યા છે.

- DRDO અને એરફોર્સે ઓડિશાના દરિયાકાંઠે સ્વદેશી ગ્લાઇડ વેપન સિસ્ટમ 'TARA' (ટેક્ટિકલ એડવાન્સ્ડ રેન્જ ઓગમેન્ટેશન) નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. આ દેશની પહેલી એવી સિસ્ટમ છે જે પરંપરાગત બોમ્બને ચોકસાઇ-માર્ગદર્શિત સ્માર્ટ હથિયારોમાં રૂપાંતરિત કરી શકે છે.

- આરોગ્ય મંત્રાલયે **'જનની'** પોર્ટલ શરૂ કર્યું. આ પ્લેટફોર્મ મહિલાઓના પ્રજનન વર્ષો દરમિયાન તેમના ડિજિટલ આરોગ્ય રેકોર્ડને ટ્રેક કરશે. તેમાં QR કોડ ડિજિટલ **'મધર એન્ડ ચાઈલ્ડ હેલ્થ કાર્ડ'** છે, જે દેશમાં ગમે ત્યાં સારવાર મેળવવાનું સરળ બનાવે છે.

- આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ **બેલારુસિયન** એથ્લેટ્સ પરના તમામ પ્રતિબંધો હટાવ્યા છે. તેઓ હવે લોસ એન્જલસ 2028 ઓલિમ્પિક ક્વોલિફાયરમાં તેમના રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીત સાથે ભાગ લઈ શકશે. યુક્રેન પરના હુમલા બાદ 2022માં આપ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. રશિયા પર પ્રતિબંધ યથાવત્ રહેશે.

- પશ્ચિમ બંગાળના રાજ્યપાલ આર. એન. રવિએ ભારતીય બંધારણની **કલમ 174 (2) (b)** હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને રાજ્યની 17મી વિધાનસભાનું વિસર્જન કર્યું અને મંત્રીમંડળને બરતરફ કર્યું. દેશમાં રાજ્ય મંત્રીમંડળની આ પહેલી બરતરફી હોવાનું માનવામાં આવે છે.

- ભારતીય નૌકાદળે **આઇએનએસ મહેન્દ્રગીરીનો** સેનામાં સમાવેશ કર્યો. વોરશિપ ડિઝાઇન બ્યુરો દ્વારા ડિઝાઇન કરાવમાં આવેલ આ ફ્રિગેટ CODOG (Combined Diesel or Gas) પ્રોપલ્શન સિસ્ટમ, અધતન સેન્સર્સ અને એન્ટી-સરફેસ, ઍન્ટી-એર અને એન્ટી-સબમરીન ઓપરેશન્સ માટે બહુમુખી શસ્ત્રોથી સજ્જ છે.

## 10 મે

- ઓપરેશન સિંદૂરની પહેલી વર્ષગાંઠ પર સરકારે લેફ્ટનન્ટ જનરલ **એન. એસ. રાજા સુબ્રમણિને** નવા સીડીએસ (ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ) બનાવ્યા.

- વાઇસ એડમિરલ **કૃષ્ણા સ્વામીનાથન** નૌકાદળના પ્રમુખ બનશે.

- ભારતે એડવાન્સ્ડ અગ્નિ મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું. આ મિસાઇલમાં એક જ સમયે અલગ-અલગ લક્ષ્યોને નિશાન બનાવવાની વ્યૂહાત્મક ક્ષમતા છે. આ સફળતા સાથે ભારત દુનિયાના પસંદગીના શક્તિશાળી દેશોની યાદીમાં સામેલ થયું છે. રક્ષા મંત્રાલય મુજબ, મલ્ટિપલ ઇન્ડિપેન્ડન્ટલી ટાર્ગેટેડ રી-એન્ટ્રી વ્હીકલ (એમઆઈઆરવી) સિસ્ટમથી સજ્જ મિસાઇલનું પરીક્ષણ ઓડિશાના એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણને **'મિશન દિવ્યાસ્ત્ર'** નામ આપવામાં આવ્યું હતું. અગ્નિ-5 મિસાઇલની મારક ક્ષમતા આશરે 5000 કિમી સુધી છે. અગ્નિ-1થી અગ્નિ-4 મિસાઇલોની રેન્જ 700 કિમીથી 3500 કિમી સુધી છે.

- ક્રૂઝ શિપ હોન્ડિયસમાં હેતા વાઇરસ ફેલાયા બાદ હવે વધુ એક ક્રૂઝ 'કેરેબિયન પ્રિન્સેસ'માં **નોરો** વાઇરસ ફેલાયો છે. હવે દરિયાની વચ્ચે બે અલગ-અલગ જહાજો વાઇરસથી પ્રભાવિત છે. દુનિયા આ વાઇરસના આઉટબ્રેકથી ચિંતિત છે. બંને ક્રૂઝ શિપની દેખરેખ અમેરિકી એજન્સી સીડીસી અને ડબલ્યુએચઓના શિરે છે. સૂત્રોના મતે, હોન્ડિયસમાં સંક્રમિત પ્રથમ દર્દીના મોત બાદ તેની પત્નીએ અન્ય મુસાફરો સાથે હાથ મિલાવ્યા હતા, તે મહિલાનું પણ સંક્રમણને કારણે મોત થયું છે.

- નીતિ આયોગના અહેવાલ 'ભારતમાં શાળા શિક્ષણ પ્રણાલી' અનુસાર, **ઝારખંડે** પ્રાથમિક સ્તરે શૂન્ય ડ્રોપઆઉટનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું. રાજ્યનો પ્રાથમિક સ્તરે ડ્રોપઆઉટ દર 2014-15માં 6.41% હતો, જે 2024-25 સુધીમાં શૂન્ય થઇ ગયો. માધ્યમિક સ્તરે ડ્રોપઆઉટ દર પણ 23.2% થી ઘટીને 3.5% થયો છે.

- મે મહિનાના બીજા રવિવારે મધર્સ ડે ઉજવવામાં આવે છે. આ દિવસની શરૂઆત અમેરિકામાં **એના જાર્વિસ** દ્વારા કરવામાં આવી હતી.

- પશ્ચિમ બંગાળમાં **શુવેન્દુ અધિકારીના** નેતૃત્વમાં નવી સરકારની રચના કરવામાં આવી. આ રાજ્યના ઇતિહાસમાં પ્રથમ વાર ભાજપ સરકાર છે. શુવેન્દુ અધિકારીએ રાજ્યના 9મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

## 11 મે

- ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) ન **જયેન મહેતા** સરદાર પટેલ કોઓપરેટિવ ડેરી ફેડરેશનના પ્રમુખ તરીકે ચૂંટાયા. ફેડરેશનનું પ્રાથમિક લક્ષ્ય 20 રાજ્યોના 20,000થી વધુ ગામડાઓમાંથી આશરે 2 મિલિયન ડેરી ખેડૂતોને એક કરવાનું છે.

- સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયાએ સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (SCBA)માં વર્ષ 2027-28ના ચૂંટણી ચક્રથી કાયમી ધોરણે માત્ર મહિલાઓ માટે ઉપપ્રમુખના પદની રચના કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પગલાનો હેતુ કાયદાકીય વ્યવસાયના નેતૃત્વમાં મહિલાઓની ભાગીદારી વધારવાનો છે.

- નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB)ના તાજેતરના અહેવાલ મુજબ, વર્ષ 2024માં **ઓડિશા** હિંસક ગુનાઓના દરમાં દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. ઓડિશા વર્ષ 2024માં 161.6ના દર સાથે ભારતનું સૌથી હિંસક રાજ્ય રહ્યું છે. બિહાર 83ના દર સાથે બીજા ક્રમે છે.

- ભારતના 'પેડમેન' તરીકે જાણીતા તમિલનાડના સામાજિક કાર્યકર **અરુણાચલમ મુરુગાનંતમનું** નામ 2026ના નોબેલ શાંતિ પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવ્યું છે. પુડુચેરીની અરવિંદ આઇ હોસ્પિટલના ડીન અને અમેરિકન ટીમો દ્વારા તેમનું નામ મોકલવામાં આવ્યું,

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC
● અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

## 12 મે

- આધુનિક નર્સિંગના સ્થાપક **ફ્લોરેન્સ નાઇટિંગલના** જન્મદિવસને આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ તરીકે 12 મે રોજ ઉજવવામાં આવે છે. નર્સની શ્રેષ્ઠ સેવાઓને બિરદાવવા માટે ભારત સરકાર દ્વારા 1973થી નેશનલ ફ્લોરેન્સ નાઇટીંગલ એવોર્ડ આપવામાં આવે છે.

- વોડાફોન આઈડિયા લિમિટેડ (Vi) એ આદિત્ય બિરલા ગ્રુપના ચેરમેન **કુમાર મંગલમ બિરલાને** કંપનીના નોન-એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે નિયુક્ત કર્યાં.

- ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યાકાંત દ્વારા સુપ્રીમ કોર્ટમાં ટેકનોલોજી આધારિત બે મહત્વની પહેલ **'One Case, One Data' અને AI ચેટબોટ 'Su Sahay' લોન્ચ** કરવામાં આવી છે. One Case, One ડાટા એ એક ડિજિટલ ફ્રેમવર્ક છે જે સુપ્રીમ કોર્ટ, હાઇકોર્ટ, જિલ્લા અદાલતો અને તાલુકા અદાલતોના ડેટાને એકીકૃત કરે છે. તેનો હેતુ કેસ મૅનેજમેન્ટ અને ઓનલાઈન વેરિફિકેશનને સરળ બનાવવાનો છે.

- તમિલનાડુમાં **તમિલગા વેટ્રી કઝગમના** અધ્યક્ષ અને લોકપ્રિય અભિનેતા **વિજય થલપતીએ** તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.

- **ગાંધીનગર** શહેરને હાઇટેક બનાવવાના હેતુથી મહાનગરપાલિકા દ્વારા ઝીરો કમ્પ્લેન સીટી પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવી રહ્યો છે નાગરિકોની સમસ્યાઓ તેઓ ફરિયાદ કરે તે પહેલાં જ ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવશે. આ માટે સ્માર્ટ વ્હીકલની છત પર 360 ડિગ્રી હાઇ રીઝોલ્યુશન કેમેરા અને સેન્સર્સ લગાવવામાં આવશે જે રીયલ ટાઈમ ડેટા સેન્ટર કમાન્ડ સેન્ટરને મોકલશે. આ વાહન રસ્તા પરના ખાડા, તિરાડો,પાણીનું લીકેજ, ગટરના પ્રશ્નો, રસ્તા પરનો કચરો અને ફૂટપાથ પરનાં દબાણોને ઓટોમેટિક ઓળખશે. આ સિસ્ટમથી શરૂઆતમાં જ નાની ખામીઓ પકડાઇ જવાથી તેના રીપેરીંગ માટેનો ખર્ચ 70% સુધી બચી શકે છે.

- સોમનાથ મંદિરના 1951માં થયેલા પુનર્રુદ્ધારનાં 75 વર્ષ પૂર્ણ થયાં. આ સિવાય તાજેતરમાં જ 1026માં મહમદ ગઝનવીના આક્રમથી થયેલા સોમનાથ મંદિરના નુકશાનને પણ 1000 વર્ષ પૂર્ણ થયાં હતાં.

## 13 મે

- શુભેન્દુ અધિકારીએ મુખ્યમંત્રી બનતાં જ ભારત-બાંગ્લાદેશ સરહદ પર ફેન્સિંગ લગાવવા માટે BSEને જમીન સોંપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ કાર્ય આગામી 45 દિવસમાં પૂર્ણ કરવામાં આવશે, જેથી ઘૂસણખોરીની સમસ્યાનો ઉકેલ લાવી શકાય. પશ્ચિમ બંગાલ બાંગ્લાદેશ સાથે 4,097 કિમી લાંબી સરહદ ધરાવે છે.

- ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મૅડિકલ રિસર્ચ (ICMR) અને ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ (ICAR) એ નવી દિલ્હીમાં **SEHAT (Science Excellence for Health through Agricultural Transformation)** કાર્યક્રમ લોન્ચ કર્યો છે. આ એક રાષ્ટ્રીય મિશન-મોડ પ્રોગ્રામ છે, જે કૃષિ સંશોધનને આરોગ્ય પરિણામો સાથે જોડે છે. તેનો ઉદ્દેશ્ય કૃષિ પોષણ અને જાહેર આરોગ્ય વચ્ચે સુમેળ સાધવાનો છે. આ પહેલ ભારતમાં રોગ નિવારક (Curative) આરોગ્ય સંભાળથી નિવારક (Preventive) આરોગ્ય સંભાળ તરફના પરિવર્તન સાથે જોડાયેલી છે.

- ભાજપ નેતા **હિમંત બિસ્વા શરમા** બીજી વખત આસામના મુખ્યમંત્રી બન્યા. અહીં કુલ 126 બેઠકોમાંથી ભાજપે 82 બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી હતી

## 14 મે

- પાટણની **હેમચંદ્રાચાર્ય યુનિવર્સીટી** ગુજરાતની પ્રથમ સોલાર યુનિવર્સીટી બની. યુનિવર્સીટી કેમ્પસનાં તમામ 19 બિલ્ડીંગ સોલાર પેનલથી સજ્જ બનાવીને 100% સોલાર ઊર્જાની મદદથી વીજ વપરાશ કરવામાં આવે છે.

- વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત એવા 79મા કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ફિલ્મ 'લાલોઃ શ્રી કૃષ્ણ સદા સડાયતે'નું 'કાન માર્કેટ સ્ક્રીનિંગ'માં પ્રીમિયર થયું.

- નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB) 2024 ના તાજતરના ડેટા અનુસાર, અમદાવાદ શહેરે મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં ચાર્જશીટ ફાઇલ કરવામાં નોંધપાત્ર કામગીરી કરી છે. અમદાવાદ 89.7% ચાર્જશીટ સાથે દિલ્હી અને મુંબઈ જેવાં મેટ્રો શહેરોને પાછળ છોડી દીધાં છે.

- ભારત આ વર્ષે ગાંધીનગર, ગુજરાતમાં પ્રતિષ્ઠિત 2026 એશિયન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપનું આયોજન કરી રહ્યું છે. ભારત 44 વર્ષ પછી પ્રથમ વખત આ સ્પર્ધાની યજમાની કરી રહ્યું છે.

- ટેલિકોમ રેગ્યુલેટર TRAI (ટેલિકોમ રગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા)એ ગ્રાહકોની ફરિયાદોના નિરાકરણ માટે નવા કડક નિયમોનો પ્રસ્તાવ મૂક્યો છે. જો કોઈ ટેલિકોમ કંપની ગ્રાહકની ફરિયાદનું યોગ્ય રીતે નિરાકરણ કરવામાં નિષ્ફળ જશે અથવા તેને ખોટી રીતે નકારી કાઢશે, તો તેના પર પ્રતિ ક્વાર્ટર (ત્રણ મહિના) મહત્તમ ₹ 50 લાખ સુધીનો દંડ થઈ શકે છે. જો કોઈ ફરિયાદને અયોગ્ય રીતે બંધ કરવામાં આવે, તો ₹ 1,000નો દંડ નક્કી કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, દરેક કંપનીની વેબસાઈટના હોમ પેજ પર કન્ઝ્યુમર કોર્નર રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે જેમાં ફરિયાદ નિવારણના આંકડા અને ગ્રાહક સંતોષ સર્વેક્ષણનો રિપોર્ટ અપલોડ કરવો ફરજિયાત બનાવવામાં આવ્યો છે.

- **એન. રંગાસામીએ** પુડુચેરીના મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યો. AINRC (ઓલ ઈન્ડિયા એન.આર. કોંગ્રેસ) ના નેતૃત્વ હેઠળના NDA ગઠબંધને ચૂંટણીમાં જીત મેળવી સત્તા જાળવી રાખી. લેફ્ટનન્ટ ગવર્નર **કે. કૈલાશનાથન** દ્વારા તેમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

- વાઈસ એડમિરલ **સંજય વત્સયાન** પશ્ચિમી નૌસેના કમાનના નવા Flag Officer Commanding-in-Chief (Foc-in-C) બનશે. તેઓ હાલમાં નૌસેનાના નાયબ વડા તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ ગનરી (Gunnery) અને મિસાઈલ સિસ્ટમ્સના નિષ્ણાત છે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

## 15 મે

- કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે નવી દિલ્હીમાં પ્રથમ ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ (IBCA) સમિટ 2026ની વેબસાઈટ અને લોગો લોન્ચ કર્યો. આ સમિટ 1 અને 2 જૂન, 2026ના રોજ નવી દિલ્હીમાં યોજાશે. આ સમિટની થીમ બિગ કેટ્સ બચાવો, માનવતા બચાવો, ઇકોસિસ્ટમ બચાવો (Save Big Cats, Save Humanity, Save Ecosystem) છે.

- **ડો. અશોક કુમાર પાંડાએ** સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડ (SAIL)ના નવા ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર (CMD) તરીકે ચાર્જ સંભાળ્યો.

- રશિયાએ તેની નવી ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઇલ, **'સરમત'નું** સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. તેની રેન્જ 35000 કિમીથી વધુ છે. આ મિસાઇલ આધુનિક સંરક્ષણ પ્રણાલીઓને ભેદવામાં સક્ષમ છે. પશ્ચિમી દેશોમાં તેને **'શનિ II'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- **પ્રશાંત પીસને** ઓમાનમાં ભારતના નવા રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

- વૈજ્ઞાનિકોએ **બુરેન રાષ્ટ્રીય ઉધાનમાં** 330 મિલિયન વર્ષ જૂના શાર્ક દાંત શોધી કાઢ્યા છે. આ દાંત **સેફોડસ મેગ્નસ** નામની દુર્લભ પ્રજાતિના હોવાનું માનવામાં આવે છે. આ શોધ સૂચવે છે કે લાખો વર્ષો પહેલાં, આયર્લેન્ડ વિષુવવૃત્ત નજીક ગરમ સમુદ્રી વિસ્તાર હતો.

- સ્થાનિક પુરવઠો અને ખાધ સુરક્ષા જાળવવા વાણિજ્ય અને ઉધોગ મંત્રાલયે 30 સપ્ટેમ્બર સુધી **ખાંડની** નિકાસ પર પ્રતિબંધ મૂક્યો. જો કે, યુરોપિયન યુનિયન અને યુનાઇટેડ સ્ટેટ્સમાં નિકાસ ચાલુ રહેશે.

- ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે **'IP કેટાલિસ્ટ' પહેલ અને તેનું ડિજિટલ પ્લેટફોર્મ** શરૂ કર્યું છે. તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય પેટન્ટને ઝડપથી મૂર્ત ઉત્પાદનોમાં રૂપાંતરિત કરવાનો છે. ભારતે 2025-26 નાણાકીય વર્ષમાં પેટન્ટ ફાઇલિંગમાં 52 ટકાનો વધારો નોંધાવ્યો છે.

- વી ડી સતીશન કેરલમના તેરમા મુખ્યમંત્રી બન્યા. રાજ્યપાલ **રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે** તેમની સાથે 20 પ્રધાનોને પણ શપથ લેવડાવ્યા હતા

- વૈજ્ઞાનિકોએ એક નવું **'શૂન્ય-અંતર' માઈક્રોબાયલ ઈલેક્ટ્રોસિન્થેસિસ રિએક્ટર** વિકસાવ્યું છે જે $CO_2$ ને 95% કાર્યક્ષમતા સાથે મિથેન ગેસમાં રૂપાંતરિત કરી શકે છે. આ ટેક્નોલોજી નવીનીકરણીય વીજળી અને સુક્ષ્મ સજીવો સાથે કામ કરે છે. ઉત્પાદિત મિથેનનો સીધો ઉપયોગ કુદરતી ગેસ પાઇપલાઇન્સમાં થઈ શકે છે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC
● અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.